# અનાવલના કુલિન પટેલે રાષ્ટ્રીયસ્તરે ધોડિયા ભાષામાં કવિતા રજૂ કરી



**વાપી, તા.૧૧:** 'આઝાદી કા અમૃત મહોત્સવ' અંતર્ગત ૯ ઑગસ્ટ, આંતરરાષ્ટ્રીય વિશ્વ આદિવાસી દિવસ નિમિત્તે ભારતની ૭૫ આદિવાસી ભાષાઓના ૭૫ કવિઓના કાવ્ય પઠનનો ત્રિદિવસીય કાર્યક્રમ ઑનલાઈન યોજાયો હતો. આ કવિ સંમેલનમાં દક્ષિણ ગુજરાતના જાણીતા કવિ-લેખક કુલીન પટેલે ધોડીઆ ભાષાનું પ્રતિનિધિત્વ કરતાં આદિવાસી જીવનદર્શન કરાવતા કાવ્ય પાઠ કરી ધોડીઆ ભાષકો સહિત દક્ષિણ ગુજરાતને ગૌરવ અપાવ્યું છે. આ તકે કાર્યક્રમના અધ્યક્ષ સ્થાનેથી સંથાલી ભાષાના વિદ્વાન મદન મોહન સોરેને કવિની રચનાને સરાહતાં આપણી અસલ ભાષા અને જીવનશૈલી જાળવવા અનુરોધ કર્યો હતો. ધોડીઆ ભાષા અંગે કામ કરતા કુલીન પટેલ ધોડીઆ ભાષાના અભ્યાસ વર્ગનું પણ આયોજન કરી ચૂક્યા છે તેમજ અગાઉના વર્ષોમાં સાહિત્ય અકાદમી - નવી દિલ્હીના સાહિત્યોત્સવ અને ઈન્દીરા ગાંધી માનવ સંગ્રહાલય - ભોપાલ ખાતે યોજાતા ટ્રાઈબલ લિટરેચર ફેસ્ટિવલ જેવા મંચ પર ધોડીઆ ભાષાનું પ્રતિનિધિત્વ કરતાં ધોડીઆ ભાષામાં કવિતાઓ રજુ કરી ધોડીઆ ભાષાના જતન-સંવર્ધન અંગે સરાહનીય કામ કરી રહ્યા છે.

# રાષ્ટ્રીય સ્તરે ધોડિયા ભાષામાં કવિતાઓ રજૂ થઇ

અનાવલઃ સાહિત્ય અકાદમી-નવી દિલ્હી દ્વારા 'આઝાદી કા અમૃત મહોત્સવ' અંતર્ગત ૯ ઓગસ્ટ, આંતરરાષ્ટ્રીય વિશ્વ આદિવાસી દિવસ નિમિત્તે ભારતની ૭૫ આદિવાસી ભાષાઓના ૭૫ કવિઓના કાવ્ય પઠનનો ત્રિદિવસીય કાર્યક્રમ ઓનલાઇન યોજાયો હતો. આ કવિ સંમેલનમાં દક્ષિણ ગુજરાતના જાણીતા કવિ-લેખક કુલીન પટેલે ધોડીઆ ભાષાનું પ્રતિનિધિત્વ કરતાં આદિવાસી જીવનદર્શન કરાવતા કાવ્ય પાઠ કરી ધોડીઆ ભાષકો સહિત દક્ષિણ ગુજરાતને ગૌરવ અપાવ્યું છે.

# આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત દક્ષિણ ગુજરાતની ધોડિયા ભાષામાં કવિતા રજૂ



સાહિત્ય અકાદમી નવી દિલ્હી દ્વારા આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત ૯ ઓગષ્ટ આંતરરાષ્ટ્રીય વિશ્વ આદિવાસી દિવસ નિમિત્તે ભારતની ૭૫ આદિવાસી ભાષાના ૭૫ કવિઓના કાવ્ય પઠનનો ત્રિદિવસીય કાર્યક્રમ ઓનલાઈન યોજાયો હતો. આ કવિ સંમેલનમાં દક્ષિણ ગુજરાતના જાણીતા કવિ-લેખક કુલીન પટેલે ધોડિયા ભાષાનું પ્રતિનિધિત્વ કરતા આદિવાસી જીવનદર્શન કરાવતા કાવ્ય પાઠ કરી ધોડીયા ભાષકો સહિત દક્ષિણ ગુજરાતને ગૌરવ અપાવ્યુ છે. આ તકે કાર્યક્રમના અધ્યક્ષ સ્થાનેથી સંથાલી ભાષાના વિદ્વાન મદન મોહન સોરેને કવિની રચનાને સરાહતા આપણી અસલ ભાષા અને જીવનશૈલી જાળવવા અનુરોધ કર્યો હતો. ધોડિયા ભાષા અંગે કામ કરતા કુલીન પટેલ ધોડિયા ભાષાના અભ્યાસ વર્ગનું પણ આયોજન કરી ચુક્યા છે તેમજ અગાઉના વર્ષોમાં સાહિત્વ અકાદમી નવી દિલ્હીના સાહિત્યોત્સવ અનુ ઈન્દીરા ગાંધી માનવ સંગ્રહાલય ભોપાલ ખાતે યોજાતા ટ્રાઈબલ લિટરેચર ફેસ્ટિવલ જેજા મંચ પર ધોડિયા ભાષાનું પ્રતિનિધિત્વ કરતા ધોડિયા ભાષામાં કવિતા રજુ કરી ધોડિયા ભાષાના જતન-સંવર્ધન અંગે સરાહનીય કામ કરી રહ્યા છે.

સામના
RNI. NO.:GUJGUJ/2010/35084
E-paper www.saamnatimes.com
saamnatimes@gmail.com
સુરત દૈનિક

## સાહિત્ય અકાદમી - નવી દિલ્હીના કાર્યક્રમ અંતર્ગત

# રાષ્ટ્રીય સ્તરે દક્ષિણ ગુજરાતની ધોડિયા ભાષામાં કવિતાઓ રજૂ થઇ

**મહુવા**

સાહિત્ય અકાદમી - નવી દિલ્હી દ્વારા 'આઝાદી કા અમૃત મહોત્સવ' અંતર્ગત ૯ ઓગસ્ટ, આંતરરાષ્ટ્રીય વિશ્વ આદિવાસી દિવસ નિમિત્તે ભારતની ૭૫ આદિવાસી ભાષાઓના ૭૫ કવિઓના કાવ્ય પઠનનો ત્રિદિવસીય કાર્યક્રમ ઓનલાઈન યોજાયો હતો. આ કવિ સંમેલનમાં દક્ષિણ ગુજરાતના જાણીતા કવિ-લેખક કુલીન પટેલે ધોડીઆ ભાષાનું પ્રતિનિધિત્વ કરતાં આદિવાસી જીવનદર્શન કરાવતા કાવ્ય પાઠ કરી ધોડીઆ ભાષકો સહિત દક્ષિણ ગુજરાતને ગૌરવ અપાવ્યું છે. આ તકે કાર્યક્રમના અધ્યક્ષ સ્થાનેથી સંચાલી ભાષાના



વિદ્વાન મદન મોહન સોરેને કવિની રચનાને સરાહતાં આપણી અસલ ભાષા અને જીવનશૈલી જાળવવા અનુરોધ કર્યો હતો. ધોડીઆ ભાષા અંગે કામ કરતા કુલીન પટેલ ધોડીઆ ભાષાના અભ્યાસ વર્ગનું પણ આયોજન કરી ચૂક્યા છે તેમજ અગાઉના વર્ષોમાં સાહિત્ય અકાદમી - નવી દિલ્હીના 'સાહિત્યોત્સવ' અને ઈન્દીરા ગાંધી માનવ સંગ્રહાલય - ભોપાલ ખાતે યોજાતા 'ટ્રાઈબલ લિટરેચર ફેસ્ટિવલ' જેવા મંચ પર ધોડીઆ ભાષાનું પ્રતિનિધિત્વ કરતાં ધોડીઆ ભાષામાં કવિતાઓ રજુ કરી ધોડીઆ ભાષાના જતન-સંવર્ધન અંગે સરાહનીય કામ કરી રહ્યા છે.

# સાહિત્ય અકાદમી અંતર્ગત રાષ્ટ્રીય સ્તરે દ. ગુ.ની ધોડિયા ભાષામાં કવિતાઓ રજૂ

મહુવા | સાહિત્ય અકાદમી - નવી દિલ્હી દ્વારા આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત ભારતની 75 આદિવાસી ભાષાઓના કવિઓના કાવ્ય પઠનનો ત્રિદિવસીય કાર્યક્રમ ઓનલાઈન યોજાયો હતો. સંમેલનમાં કવિ-લેખક કુલીન પટેલે ધોડીયા ભાષાનું પ્રતિનિધિત્વ કરતાં આદિવાસી જીવનદર્શન કરાવતા કાવ્ય પાઠ કરી ધોડીયા ભાષકો સહિત દક્ષિણ ગુજરાતને ગૌરવ અપાવ્યું છે. અધ્યક્ષ સ્થાનેથી સંથાલી ભાષાના વિદ્વાન મદન મોહન સોરેને કવિની રચનાને સરાહતાં આપણી ભાષા અને જીવનશૈલી જાળવવા અનુરોધ કર્યો હતો. ધોડીયા ભાષા અંગે કામ કરતા કુલીન પટેલ ધોડીયા ભાષાના અભ્યાસ વર્ગનું આયોજન કરી ચૂક્યા છે, તેમજ સાહિત્ય અકાદમી નવી દિલ્હીના 'સાહિત્યોત્સવ' અને ઈન્દીરા ગાંધી માનવ સંગ્રહાલય - ભોપાલ ખાતે યોજાતા 'ટ્રાઈબલ લિટરેચર ફેસ્ટિવલ' જેવા મંચ પર ધોડીયા ભાષામાં કવિતાઓ રજૂ કરી ધોડીયા ભાષાના જતન-સંવર્ધન અંગે કામ કરી રહ્યા છે.